# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: વિરલ રાણા

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ :11-04-2024** **સમય: સાંજે : ૬:૨૫**

## ત્રીજા તબક્કાનું જાહેરનામું

ગુજરાત સહિત દેશ નાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશો ની લોકસભા ની 94 બેઠકો માટે આવતીકાલે જાહેરનામુ બહાર પડતાં ત્રીજા તબક્કા ની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે ગુજરાત માં 12 મી. એ જાહેર નામુ પ્રસિદ્ધ થશે એ પછી ઉમેદવારી પત્રો ભરવા ની શરૂઆત થશે જે 19 મી સુધી ભરી શકાશે 20 મી એ ચકાસણી થશે એ પછી 22 મી.એપ્રિલ સુધી ઉમેદવારો ઉમેદવારી પાછી ખેંચી લેતા ચિત્ર સ્પષ્ટ થશે ગુજરાત ની લોક સભા ની બધી જ 26 અને રાજ્ય વિધાન સભા ની ખાલી પડેલી 5 બેઠકો ની ચૂંટણી 7 મી મે યોજાશે.

વિરલ રાણા

---

## ઇદ- ઉલ- ફિત્રની ઉલ્લાસભેર ઉજવણી

રાજ્ય સહિત દેશભરમાં આજે મુસ્લિમ બિરાદરો દ્વારા ઇદ- ઉલ- ફિત્રની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ રહી છે.નમાજ બાદ મુસ્લિમ બિરાદરો ઇદની શુભેચ્છાની આપ- લે કરી રહ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોને ઇદની શુભેચ્છાઓ પાઠવી છે.

દરમ્યાન કચ્છ માં રમજાન ઈદ ની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જિલ્લાના મુખ્ય મથક ભુજ શહેરના હમીરસર તળાવ કિનારે આવેલી મુખ્ય ઈદગાહ ખાતે આજે સવારે મુસ્લિમ સમાજના ભાઈઓએ સામુહિક નમાઝ અદા કરી હતી.નવા વસ્ત્રો પરિધાન કરી એકબીજાને ઈદની શુભકામનાઓ પાઠવી હતી તો 30 દિવસની ઈબાદત બાદ સેવાકીય પ્રવૃત્તિ સાથે ઇદની ઉજવણી કરી હતી.તો માંડવી ખાતે નીકળેલા જુલુસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોજોડાયા હતા દરમિયાન પૂર્વ કચ્છના ઉદ્યોગિક પાટનગર ગાંધીધામ શહેરમાં પણ નૂરી મસ્જિદ ખાતે તો મુન્દ્રા,નલિયા,અંજાર,ભચાઉ,રાપર સહિતના વિસ્તારોમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ નિમિત્તે મુખ્ય દરગાહમાં નમાજ અદા કરી એકબીજાને મુબારકબાદી પાઠવી હતી.

**વિરલ રાણા**

---

## વનકર્મી – પ્રાણી સેવા વાગડ વિસ્તાર

કચ્છમાં હાલ ગરમીનું પ્રમાણ વધ્યું છે ગરમી અને લુ વચ્ચે વાગડ ના વગડા માં પ્રકુતિ ની વચ્ચે જંગલી પ્રાણીઓ ને પાણી નસીબ થાય તે માટે પૂર્વ કચ્છની રણકાંધિ  ઉપર જંગલી પશુઓ માટે કુદરતી તળાવ જેવા નાના મોટા ખાબોચિયામાં પાણી ભરીને વનતંત્રના કર્મચારીઓ દ્વારા પાણીની પરબ બાંધી અને તેની સુરક્ષાની પણ ચિંતા કરવામાં આવી રહી છે રણકાધિ ઉપર જંગલી જાનવરોને પીવાના પાણી માટે  અલાયદી સુવિધા પૂરી પાડીને વનતંત્રના કર્મચારી દ્વારા ઉદાહરણરૂપ કામગીરી કરવામાં આવી છે.

**વિરલ રાણા**

---

## ગરમી પ્રકો  - હવામાન

કચ્છ જિલ્લામાં મોટાભાગના વિસ્તારમાં મહત્તમ તાપમાન નો પારો 40 ડિગ્રી આસપાસ પહોંચી જતા જિલ્લા મથક ભૂજ સહિતના વિસ્તારોમાં બપોરના લુ ના પગલે માર્ગો સુમસામ બનતા હોઈ સ્વયંભૂ કર્ફ્યુ સમાન માહોલ જોવા મળી રહ્યો છે  ગરમીથી રાહત મેળવવા માટે લોકોએ વિવિધ ઠંડા પીડા નાળિયેરપાણી, લીંબુ પાણી નો ઉપયોગ વધારી દીધો છે  બે દિવસ હીટ વેવ ની આગાહી સાથે તારીખ 13 થી 16 એપ્રિલ દરમિયાન વાતાવરણીય પરિવર્તનના પગલે રાજ્યના અન્ય વિસ્તારોની સાથોસાથ કચ્છમાં છુટાછવાય વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસવાની હવામાન વિભાગ દ્વારા શક્યતા વ્યક્ત કરાઈ છે

**વિરલ રાણા**

---

## જયોતિબા ફુલે  જન્મ જયંતિ - રા ર કાર્યક્રમ

રાપર શહેર  ખાતે સામાજીક ક્રાંતિકારી મહાત્મા જયોતિબા ફુલેની 197મી જન્મ જયંતિ નિમિતે હારારોહણ, તેમજ પુષ્પાજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહાત્મા ફુલેના જીવન ચરિત્ર વિશે ઉપસ્થિત સૌને માહીતગાર કરાયા હતા. એવા ક્રાંતિકારી ફુલેજીની ફુલારોહણ કરી જન્મ જયંતિની ઉજવણી કરાઈ હતી.

વિરલ રાણા

---

## વિશ્વ પાર્કિન્સન્સ દિવસ

11 એપ્રિલને વર્લ્ડ પાર્કિન્સન્સ ડે (વિશ્વ પાર્કિન્સન્સ દિવસ) તરીકે ઉજવવામાં આવે છે. આ આંતરરાષ્ટ્રીય પહેલનો ઉદ્દેશ પાર્કિન્સનનાં રોગ વિશે જાગૃતિ અને સમજણ વધારવાનો છે. આ બિમારીથી દુનિયાભરમાં લાખો લોકો પીડિત છે, જે મગજને નબળું પાડતો રોગ છે. પાર્કિન્સનનો રોગ સતત વધતી બિમારી છે, જે યાદશક્તિ અને શીખવાની પ્રક્રિયા જેવી અન્ય કામગીરીઓ પર પણ અસર કરી શકે છે.

વિરલ રાણા

---

## ભુજ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેન્કે- ભેટ વિતરણ

ધી ભુજ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેન્કે સુવર્ણ જયંતી વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે સભાસદોને 2024ની ભેટનું શનિવારથી ત્રણ દિવસ સુધી વિતરણ કરવામાં આવશે. તા.13-04, શનિવાર અને તા.14-04, રવિવારના ભુજ લોહાણ મહાજનવાડી ખાતે સવારે 9થી 5 વાગ્યા સુધી તેમજ તા.15-04, સોમવારના બેન્કની હેડ ઓફિસ ન્યૂ સ્ટેશન રોડ ખાતે બેન્કના સમય દરમ્યાન ભેટ વિતરણ કરવામાં આવશે.

વિરલ રાણા

---

## ચૈત્રી નવરાત્રી – ત્રીજું નોરતું

ચૈત્રી નવરાત્રીના 9 દિવસે દેવીના વિવિધ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. આજે ચૈત્રી નવરાત્રીનું ત્રીજું નોરતું છે. આ દિવસે દેવી ચંદ્રઘંટાની પૂજા કરવામાં આવે છે. દેવી ભાગવત પુરાણ અનુસાર મા દુર્ગાનું ચંદ્રઘંટા સ્વરૂપ શાંતિપૂર્ણ અને લાભદાયી છે.

વિરલ રાણા

---